શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૩૧ • તા. ૧૨ જાન્યુઆરી થી ૧૮ જાન્યુઆરી ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોનો

# સર્વમાન્ય લોગો

KDO

માર્ગમાં કંઈક લોકો અમને નડ્યા,

વચ્ચે ઊભા રહીને અમે કોઈને ન નડ્યા,

ખુદ ન પહોંચી શક્યા મંઝિલે તો,

રાહ બીજાને બતાવી દીધી,

એમના મહેલને રોશની આપવા,

ઝૂંપડી અમારી જલાવી દીધી.

થાય સરખામણી તો ઉતરતા છીએ,

એ છતાં આબરૂ દીપાવી દીધી.

– બરકત વિરાણી “બેફામ”



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સમાજની પ્રતિભા, આપણા યુવાનો

૧૨ જાન્યુઆરી ૧૮૬૩ માં જન્મ ધારણ કરેલ હિંદુ સંસ્કૃતિના જ્યોર્તિધર સ્વામી વિવેકાનંદજીએ કહ્યું કે ''મને સો નચિકેતા આપો, હું વિશ્વનો નકશો બદલી નાખીશ'' ઉપનિષદમાં બતાવેલા માર્ગદર્શન પ્રમાણે નચિકેતાનો અર્થ એવો થાય કે ''યુવાન જે કદી સત્યને છળ કરતો નથી, અસત્યને આધીન થતો નથી, પાપને પંપાળતો નથી, દંભને પોષતો નથી, દુવૃતિઓને શણગારતો નથી, વાસનાના તીરથી વીંધાતો નથી, પ્રલોભનથી પીગડતો નથી, પોતાના સ્વમાનને હણવા દેતો નથી, સત્ય કે સ્વત્વ ગુમાવતો નથી, તેમજ કોઈ પણ સંજોગોમાં પોતાના આત્માને વેચતો નથી.''

આયુષ્યના ૩૯ માં વર્ષે તેમને ગુમાવનાર આપણે જો તેમનો વધુ કાર્ય સાંનિધ્ય મેળવ્યું હોત તો ભારતીય સંસ્કૃતિ વધુ ઉજળી થઈ હોત. ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩ માત્ર ૩૦ વર્ષની વયે વિશ્વ ધર્મ પરિષદમાં હિંદુધર્મના પ્રતિનિધિ તરીકે સહભાગી થયા. ૧૯ સપ્ટેમ્બર તેઓએ ''માય બ્રધર્સ એન્ડ સિસ્ટર્સ'' નામે સંબોધન કરી હિંદુ ધર્મની વિશદ મિમાંસા સાથે યાદગાર પ્રવચન આપ્યું. ઓજસ્વી વાણી, ભારતીય તત્વ જ્ઞાનની સબળ રજૂઆતથી પ્રેરાઈ ઘણા વિદેશીઓ તેમના શિષ્ય બન્યા

ભારતવર્ષના યુવાનો સંદેશો આપતા કઠોપનિષદના શબ્દોના અર્કરૂપે તેમણે ''ઉતિષ્ઠા જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત'' ''તમે તમારા ભાગ્યના વિધાતા છો ઊઠો, જાગો અને ધ્યેય હાંસલ ન થાય ત્યાં સુધી અટકો નહીં.'' એવો ધ્યેય સંકલ્પ આપ્યો. તેમના તેજસ્વી વિચારો, અણી દાર તર્કથી વેદાંત અને હિંદુ ધર્મની સૌને સારી સમજ મળી હતી. જીવન સમાજ, શિક્ષણ અને ધર્મ વિષેના તેમના વિચારો યુવાપેઢીના ઉત્તમ માર્ગદર્શક બન્યા હતા અને આજે પણ બની રહ્યાં છે. તેમના મતે બહાદુર, ધૈર્યવાન, સાહસિક, પવિત્ર હૃદયી અને મહત્વકાંક્ષી યુવાનો જ સમાજ અને દેશના પાયાના પથ્થર છે. જેના પર ભાવિ રાષ્ટ્રની ઈમારતનું ઘડતર થાય છે.

જો આજના યુવાનો અત્યારે માર્ગદર્શન, યોગ્ય દિશા સૂચન અને માળખાકીય સુવિધાઓનો યોગ્ય લાભ લઈ કારકિર્દીનું સુકાન સુયોગ્ય દિશામાં ફેરવશે તો જરૂર ભારત વિશ્વનાં અવ્વલ નંબરનો દેશ બની શકશે. નહીંતર તમામ યુવાશક્તિ વેડફાઈ જશે. વિશુબ્ધ થયેલ યુવાનો મોજ શોખ, મોર્ડન ટેકનોલોજીના ગેઝેટનો અતિ ઉપયોગ, વ્યસન અને ફેશનની નાગચૂડથી બચીને જો સમાજ અને દેશ હિતનો સંકલ્પ હૈયે ધરશે તો ભારતીય યુવાનોનું ભાવિ વિવેકાનંદજીના વિચારોથી જરૂર ધન્યતા પામશે જે સમાજ અને દેશને ઉચ્ચતમ શિખરે પહોંચાડશે.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોનો સર્વમાન્ય લોગો

## સમસ્ત જ્ઞાતિના મહાજનોને અપીલ

KDO

ચતુર્થ સંમેલનમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે આપણી જ્ઞાતિની ઓળખ માટે એક સર્વમાન્ય લોગો હોવો જોઈએ જે આ સાથે દર્શાવેલ છે. તો સૌ મહાજન-સંસ્થાઓને વિનંતી કે આ સાથે મોકલેલ જ્ઞાતિના લોગોના પ્રિન્ટઆઉટ સંભાળીને રાખશો. જે આપના લેટરહેડ પર આપની સંસ્થાના લોગો સાથે જ્ઞાતિનો લોગો વાપરશો. જ્ઞાતિમાં ઐક્યતાની ભાવના પ્રસરશે અને અન્ય સમાજોમાં આપણી જ્ઞાતિનું માન વધે એ ઉદ્દેશથી આ લોગો બનાવવામાં આવેલ છે. અને આ સાથે નીચે લોગોની વિશેષતાનું પણ સમજણ આપવામાં આવેલ છે. તો આપ સર્વને આ લોગો યોગ્ય જગ્યાએ વાપરવો.

આપની સંસ્થાઓ - દેરાસરમાં કે ઓફિસની મુખ્ય જગ્યાએ જ્ઞાતિના લોગોનો ફોટો રાખશો. તેમજ જાહેરખબરમાં પણ વાપરશો. જય શ્રી જ્ઞાતિમૈયા

### • પહેલું બિંદુ - ધર્મ છે

સંસ્કાર સમગ્ર અસ્તિત્વોનો પાયો છે અને સંસ્કારનું બીજું નામ જ ધર્મ છે
ધર્મ પડછાયો બને તો આખું જીવન તેજોમય બને, પરિપૂર્ણ બને.

### • બીજું બિંદુ - શિક્ષણ છે

જ્ઞાન દરેક માન અને સન્માનનું સર્જનહાર છે. જ્ઞાન હોય ત્યાં ઉદ્ધાર છે,
ઉદ્ધાર છે, ઉન્નતિ છે અને જ્ઞાન થકી જ અશક્ય પણ શક્ય બને છે.

### • ત્રીજું બિંદુ - વ્યવસાય છે

કર્મણ્યે વાધિકારાસ્તેના વિધાનને આત્મસાત કરવું પરમ ફરજ છે. નોકરી હોય કે વેપાર, એમાં નિષ્ઠા હોય અને
નિરંતર વિકાસ હોય તો જીવન અર્થસભર છે, અનેરું છે.

### • ચોથું બિંદુ - સ્વાસ્થ્ય છે

જાતે નર્યા તો જગ જીત્યા એ વાત સાર્થક થાય તો રંગ રહી જાય.
તંદુરસ્તીમાંથી મન દુરસ્તી અને મહાપ્રગતિ સર્જાય પણ છે અને સરળ પણ બની જાય છે.
નવું પ્રતિક સુંદર ભવિષ્યની આશા જગાવતા બાળક જેવું હોય છે. આપણી જ્ઞાતિના નવા પ્રતિકમાંના ચાર બિંદુ એ
ચારેય દિશામાં કેડીઓના જયકારના પડઘમ છે.

ચાર રેખાઓ છે આપણા એ હાથ જે એકમેક સાથે સંકળાઈને સાથ અને સહકારના નવા અધ્યાય થકી સુખ અને સમૃદ્ધિના નવા સીમા ચિન્હને આંબવા સજ્જ થયા છે, મક્કમ થયા છે.

અંગ્રેજી અક્ષર કે માં દેખાતી ઉર્ધ્વગામી લાલ રેખા શુભાશય ધરાવતી અને સુનિશ્ચિત પ્રગતિ સાધવાનું આહવાન કરી રહી છે.

# યુથ ફેસ્ટ ૨૦૧૮નો અહેવાલ











નલિયા ખાતે તા.૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન યોજાયેલા યુથ ફેસ્ટ ૨૦૧૮ અંતર્ગત નીચે પ્રમાણેના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

**પ્રથમ દિવસ :** અચલગચ્છાધિપતિ આચાર્યશ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભહસ્તે મુખ્ય ડૉમનું ઉદ્‌ઘાટન થયા બાદત સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથ દંડ તેમ જ યુવા ટીમ દ્વારા 'યુવા ડૉમ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે નીશિથ દંડએ તેમની ઈન્ટ્રોડક્શન સ્પીચમાં જ્ઞાતિના દરેક સભ્ય માટે સમાજની દરેક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમના આગળના તબક્કામાં ઈર્શાદ સિદ્દિકીએ આઈસ-બ્રેકિંગ (પરિચય વિધિ) બાદ વ્યક્તિત્વ વિકાસ, ટાઈમ મેનેજમેન્ટ, ફિટનેસની અગત્યતા, મેનેજમેન્ટ ગેઈમ્સ, સ્ટેજ ફીયરનો સામનો કેમ કરવો અને સેલ્ફ-ગ્રુમિંગ જેવા યુવા શક્તિને સ્પર્શાતા વિષયો પર ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.



# યુથ ફેસ્ટ ૨૦૧૮નો અહેવાલ



એ દિવસે સાંજના જાણીતા મ્યુઝિક આર્ટીસ્ટ સેલ્વીન અને ક્લાઈડ દ્વારા ગવાયેલા ગીતોના લાઈવ પર્ફોમન્સ સાથે સ્ટેન્ડ-અપ કોમેડી, મિમિક્રી અને સ્ટ્રીટ મેજિક શોનો યુવા વર્ગ સહિત સહુ ઉપસ્થિતોએ ભરપૂર આનંદ માણ્યો હતો.

**દ્વિતીય દિવસ :** આજના કાર્યક્રમોની શરૂઆત ડૉ. હરીશ લાપસિયા દ્વારા મેડિકલ હેલ્થ અને દરરોજની ખાવાની ટેવો (ડેઈલી ઈટિંગ હેબિટ્સ) ઉપર અપાયેલ સેમિનારથી થઈ હતી. ત્યારબાદ રવિ ધરમશી દ્વારા અપાયેલા વેન્ચર કેપટિલ પર માહિતી સભર સેમિનારમાં તેમણે નાના, શરૂઆતના તબક્કાના, ઉચ્ચ વિકાસની શક્યતાઓ ધરાવતી અથવા જેમણે હાઈગ્રોથ દર્શાવ્યો છે તેવી કંપનીઓને વેન્ચર કેપિટલ ફંડો અને કંપનીઓ ક્યા પ્રકારે ફાયનાન્સિંગ કરે છે તે વિષે સુંદર માહિતી આપી હતી. ડૉ. હરીશ લાપસિયાએ આ પ્રસંગે આ વિષયમાં રસ ધરાવતા કેડીઓ જ્ઞાતિજનો માટે Venture Katalyst નામની નવી સ્કીમ પણ લૉન્ચ કરી હતી.

ત્યારબાદ હિરાચંદ દંડએ KDO સમાજની વિવિધ સંસ્થાઓ જેવી કે ઉત્કર્ષ ટ્રસ્ટ, અરિહંત બેન્ક, શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ, વી.એલ.વી.જી અને એલ.વી.એલ હોસ્ટેલ વિષે માહિતી આપી હતી.

કાર્યક્રમોના આગલા તબક્કામાં કે.જે.સોમૈયા કોલેજ ઓફ મેનેજમેન્ટના પ્રોફેસર ડૉ.રીના મેહતાએ એક કાર્યશાળા (વર્કશોપ)નું આયોજન કર્યું હતું. મેનેજમેન્ટના ક્ષેત્રમાં ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા ડૉ.રીના એક ઉત્સાહી શિક્ષણવિદ્ (એડ્યુકેટર) છે. તેમણે વિઝન ક્રિયેશન, ગોલ સેટિંગ, સ્ટ્રેસ મેનેજમેન્ટ અને અસરકારક સંવાદકલા (ઈફેક્ટીવ કમ્યુનિકેશન) જેવા વિષયો પર યુવાઓને સુંદર માર્ગદર્શન આપ્યું હતું.





# યુથ ફેસ્ટ ૨૦૧૮નો અહેવાલ





તત્પશ્ચાત મનિષ જૈન દ્વારા રીયાલીટી થીમ પર આધારીત વર્કશોપ કન્ડક્ટ કરવામાં આવ્યો હતો. જેમાં વિવિધ બિઝનેસ અને ઓર્ગેનાઈઝેશન્સમાં કોર્પોરેટ મેનેજમેન્ટ વિષે ઉંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી.

ગઈ કાલની જેમ આજની સાંજ પણ મનોરંજક બની રહી. આજે ગરબાના તાલે મધરાત સુધી ખેલૈયાઓ ઝૂમ્યા. અંતમાં વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

**તૃતીય દિવસ :** સંમેલનના ત્રીજા દિવસની શરૂઆત જ્ઞાતિજનો સાથે નલીયાના માર્ગો પર યોજવામાં આવેલી શોભાયાત્રા (ટીમ પરેડ)થી થઈ. ત્યારબાદ યુવા બોન્ડમાં ફીડ બેક સેશનનું આયોજન કરવામાં આવ્યું જેમાં સમગ્ર ભારતમાંથી આવેલા જ્ઞાતિજનોએ ખૂબ હકારાત્મક સૂચનો આપ્યા.

સાંજને આનંદમય બનાવવાની પરંપરાને જાળવી રાખતાં આજે સીક્રેટ સાન્તાની સરપ્રાઈઝ ઈવેન્ટ ઉપરાંત યુવાનોને શોભે એ રીતે આશ્ચર્યજનક ભેટોની આપ-લે, ટીમ ગેઈમ્સ, ટ્રેઝર હન્ટ અને ડીજે નાઈટથી ક્રિસમસની ઉજવણી કરી.







# બીટુબી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનું આવકાર પાત્ર પ્લેટફોર્મ બન્યું




આજના ડિજીટલ યુગમાં ઘરબેઠે, સુલભતાથી એકમેકના સંપર્કમાં રહી શકાય, જોઈતી કરીત માહિતી મેળવી શકાય, કંઈ મૂંઝવણ, કંઈ જાણકારી જોઈતી હોય સુલભતાથી મેળવી શકવાનું સાધન વેબસાઈટ - પોર્ટલનું પ્લેટફોર્મ છે.

સમસ્ત મહાજનની બીટુબી સમિતિના ચેરમેન રાજેશભાઈ મોમાયાના કુશળ નેતૃત્વ અને તેમની ઉત્સાહી ટીમ દ્વારા બીટુબી પ્લેટફોર્મ શરૂ કરાયું છે.

સૌ જ્ઞાતિજનોને જાણીને ખુશી થશે કે ટૂંકા ગાળામાં આ પ્લેટફોર્મ સાથે જ્ઞાતિના ૧૪૦૦ જેટલા બિઝનેસમેનો - પ્રોફેશનલો રજીસ્ટ્રેશન કરાવેલ છે. કચ્છી સમાજના અન્ય વિવિધ પોર્ટલના સરખામણીએ આપણું સંકેત સ્થળ સૌથી વધુ આવકાર્ય બન્યું છે. આગામી સમયમાં એમાં હજી વધુ સુધારા વધુ માહિતી મેળવી શકાય એવું આયોજન થશે. તેનું સુયોગ્ય અપડેશન થશે. જે બીટુબી થી બીટુસી એટલે કે બિઝનેસ ટુ બિઝનેસથી આગળ વધી બિઝનેસ ટુ કોમ્યુનિટી, બિઝનેસ ટુ કોમનમેન સુધી કન્ડેટ થશે. જે કંઈપણ માહિતી જોઈતી હશે આમાં ઉપલબ્ધ થશે. નાના મોટા ઉદ્યોગ, વેપાર ને લગતી માહિતી નહીં પણ ઘર ઉદ્યોગ જેવા નાના, સામાન્ય વેપાર કરતાં કે તેનું ઉત્પાદન કરનારની માહિતી પણ એમાંથી સુલભતાથી મળી જશે. ખાખરા, અગરબત્તી, ફિનાઈલ, બ્યુટી પાર્લર, ટેલરીંગ વગેરે જેવા સામાન્ય વસ્તુઓનો વેપાર કરતાં તેની સાથે સંકળાયેલાઓ વિશેની માહિતી બીટુબીમાંથી મળી જશે. આમ તેનું ફલક વિસ્તૃત થશે. કેડીઓ યુવા કે મહિલાઓ પણ પોતાને જોઈતી માહિતી સંપર્ક આમાં કરી શકશે.

ત્રણ દિવસના સંમેલન દરમ્યાન ૫૦૦ થી ૬૦૦ ઈન્ક્વાયરી બીટુબી પ્લેટફોર્મ પર થઈ. તે કેવી રીતે કામ કરે છે તેની ઉત્સાહપૂર્વક માહિતી જ્ઞાતિજનોએ મેળવી હતી.

આમ આગામી ભવિષ્યમાં બીટુબી વધુ વિસ્તૃત અને વધુ ઉપયોગપૂર્ણ બની રહેશે.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજનની ચૈત્ય પરિપાટી પિકનીક



ગામ જખૌ - મુંબઈવાસીઓની ચૈત્ય પરિપાટી તા.૪-૫-૬ જાન્યુઆરીના સાપુતારા, વની, નાસિક તથા દેવલાલી સ્થળે ગયેલ. લક્ઝરી એ.સી. બસ દ્વારા લગભગ ૪૦ જણ કલ્યાણ, ડોંબિવલી, મુલુંડ, કુર્લા તથા નવી મુંબઈથી એકત્ર થયેલ યાત્રિકો જ્યારે સાપુતારા પહોંચ્યા ખૂબજ ખુશનુમા વાતાવરણ હતું. સૌએ નાહી ધોઈને દર્શન-સેવા-પૂજાનો લાભ લીધો. જમ્યા બાદ સૌ રોપ વે, બોટિંગ, ગાર્ડન, મ્યુઝિયમ વગેરે સ્થળે ફર્યા. ચૌવિહાર કર્યા બાદ રાત્રે ભાવના ભણાવી. બીજા દિવસે નવકારશી બાદ વની તરફ પ્રયાણ શરૂ કર્યું. દેવ દર્શન બાદ નાસિકમાં જખૌવાસી સદગૃહસ્થ દ્વારા આયોજિત હોટેલ પુરોહિતમાં બપોરનું લંચ લીધું. ત્યાંથી દેવલાલીમાં પ.પૂ.સાધ્વીજી ભગવંત જયદર્શિતાશ્રીજી મ.સા. આદિઠાણા ૨ના ગુરુવંદન કરીને ચા પીધા પછી આચાર્ય ભગવંત પ.પૂ.મહોદયસાગર મ.સા.ને વંદન કર્યા. ત્યારબાદ શાંતિનાથ ભગવાનના દર્શન કરીને પ.પૂ.હર્ષનિધિ મ.સા. આદિઠાણા ૨ને ગુરુવંદન કર્યા.

સુગર મરચન્ટમાં લક્ષ્મીચંદભાઈ શામજી મૈશેરી, જખૌ દ્વારા ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. બરાબર ૭ વાગ્યે બસ મુંબઈ માટે રવાના થઈ ગયેલ. બે દિવસ સતત ખુબ ધમાલ મસ્તી કરતા કરતા આખી યાત્રાને ખૂબ યાદગાર બનાવી દીધી.

જખૌ મહાજન તથા ટ્રસ્ટ સૌ યાત્રિકો તથા દાતાઓનો ખૂબ ખૂબ આભાર માને છે અને આવતા વર્ષે આનાથી વધુ જણને લઈને ફરીવાર કોઈ નવી જગ્યાએ જવાનું સુંદર સપનું સેવીને સૌ છુટા પડયા.

---

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના



ટૂંક સમયમાં સંમેલન કચ્છ મુકામે થવા જઈ રહ્યું છે. જેના માટે પણ અંતઃ તૃતીય સંમેલન ખૂબ જવાબદાર છે. કારણકે તૃતીય સંમેલનના સમાપન પ્રસંગે આગામી સંમેલન કચ્છમાં ભરવું એવી ભાવના સાથે સર્વે જ્ઞાતિજનો છુટા પડ્યા હતા. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાના જન્મ સ્થાન નલિયાએ આ બીડુ ઝડપતાં આપણને નલિયા મુકામે એકત્ર થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.

તૃતીય જ્ઞાતિ સંમેલન ૧૯૯૧ને આજે ૨૭ વર્ષના વહાણા વાઈ ચુક્યા છે. એક આખી પેઢી બદલાવાના આરે આવીને ઊભી રહી ગઈ છે. આ અગાઉ જ્ઞાતિએ આઠ-આઠ, દસ-દસ વર્ષના લગાતાર દુષ્કાળો પણ જોયા છે. અને દેશ દેશાવર તથા મુંબઈના મહાજનો અગ્રેસર થઈ પોતાનું સહભાગ પાઠવ્યો છે. આપણા જ્ઞાતિજનો હસ્તકના તથા આપણી પાંજરાપોળોમાં ઢોરોની સંખ્યા ઘણીજ ઘટી ગઈ છે, અને તેને સુચારૂ રીતે ચલાવવા આપણી જ્ઞાતિની સંસ્થાઓનું કચ્છમાં વહીવટ કરનારા ખૂબજ સક્ષમ છે. તથા તેમને મજબૂત રીતે સહાયભૂત થવા આપણે સંમલનમાં યથાર્થ રીતે નક્કી કરશું માટે સંમેલન થવું અત્યંત જરૂરી છે.

સંમેલન એક એવું મંચ છે, જ્યાં જ્ઞાતિજનો પોતાની રીતે પોતાની વાતો રજૂ કરી શકે તેના માટે યથાર્થ દલીલો કરી શકે અને તે વાતને પરિપૂર્ણ રીતે જ્ઞાતિના ઉપયોગમાં જોડી શકે. આવા વાતાવરણની અંદર જ્ઞાતિના નવોદિતોને પોતાની વાતો રજૂ કરવા માટેનું મહત્વનું પ્લેટફોર્મ એટલે સંમેલન છે એટલે સંમેલન ભરવું, સંમેલન ભરવા માટે સહયોગ કરવો તથા સંમેલનમાં હાજર રહેવું એ દરેક જ્ઞાતિજનોની પવિત્ર ફરજ છે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહીને થનારા સંમેલન બાબત જ્ઞાતિ ઉપયોગી સુઝાવો મુકીને આ સંમેલનના કાર્યો માટે પોતાથી થાય એટલો શ્રમ કરીને શારીરીક યોગદાન આપીને એનો પ્રચાર કરીને પણ આપણે અનુમોદના કરી શકીએ છીએ. આ અનુમોદનાથી આપણું આવશ્ય શુભકર્મ બંધાય છે.

સંમેલનમાં પહોંચવા માટે અનેક વ્યવસ્થાઓ સંમેલનના યજમાન મહાજનના શ્રેષ્ઠીઓ કરી રહ્યાં છે. બાકી પોતાના સ્થાનથી કચ્છ સુધી પહોંચવા માટે સર્વે પોતાના પ્રયત્નો કરવાના છે. તો સંમેલનમાં પહોંચવાનું પહેલા મન બનાવો અને પ્રયત્ન કરો.

આશા છે આ વાતને ગહનતાથી સ્વીકારી આપ સર્વે સંમેલનમાં પધારવાની પોતાની પ્રતિબધ્ધતા નક્કી કરો અને પ્રત્યેક મહાજનોને વિનંતી સંમેલનમાં આવવા ઈચ્છતા તમામ જ્ઞાતિજનોને યથાર્થ પ્રતિનિધિ કે નિરીક્ષક તરીકે મોકલવા મદદરૂપ થશે.

હવે આપણે અગાઉના સંમેલનો ઉપર એક વિશાળ દ્રષ્ટિ નાંખીયે આપણી જ્ઞાતિનું પ્રથમ સંમેલન આઝાદી પ્રાપ્તિના બે મહિનામાં જ મુંબઈમાં યોજાયું. જેનું પ્રમુખ સ્થાન મૂળ ગામ તેરા નિવાસી શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજીએ લોકલાગણીને માન આપીને સંભાળ્યું. આઝાદીનો સાંપ્રત કાળ હતો, હજી ભારત પોતાના અસ્તિત્વની પાપા પગલી માંડી રહ્યો હતો. એ તંગ કાળમાં શેઠશ્રી કોંગ્રેસ તથા શાસનના કાર્યોમાં ખૂબજ વ્યસ્ત હતા એટલે જ્ઞાતિ મોવડીઓએ તેમને જે રીતે દોર્યા એ રીતે દોરાયા હતા.

આ રીતે પ્રથમ સંમેલનમાં કુલ ૨૭ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા જે વિગતવાર જેના રજૂકર્તા તથા તેને ટેકો આપનારના નામ સહિત જ્ઞાતિમૈયા અંક ૧૯ તા.૨૦ ઓક્ટોબરથી ૨૬ ઓક્ટોબરના અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ રીતે એ ઠરાવોના અન્વયે પ્રથમ સંમેલનની ફળશ્રુતિ રૂપે મધ્યસ્થ મહાજન અસ્તિત્વમાં આવ્યું તથા કાર્યરત થયું. ઈ.સ.૧૯૫૦માં ભારતનું બંધારણ ઘડાઈને તૈયાર થયું જેના પર પંડિત જવાહરલાલ નહેરૂ, ડૉ.ભીમરાવ આંબેડકર જેવા મહાનુભાવોની સાથે શેઠશ્રીના પણ હસ્તાક્ષર છે. તે વાત જ્ઞાતિ માટે ખૂબજ ગૌરવ અપાવનારી છે. ત્યારપછી યોજાયેલ સંસદની પ્રથમ ચૂંટણીમાં શેઠશ્રી કચ્છની બેઠક ઉપરથી સાંસદ ચૂંટાયા. કચ્છની સીટ ઉપરથી શેઠશ્રી લાગલગાટ બે ટર્મ સુધી એટલે કે દશ વર્ષ સુધી સંસદમાં પોતાની સેવા આપી. એક તરફ શેઠશ્રીની વ્યસ્તતા રાષ્ટ્રીય નેતા તરીકે વધતી ચાલી. તે સાથે સાથે શેઠશ્રીનું ધ્યાન મધ્યસ્થ મહાજનના રોજબરોજના કાર્ય પરથી ઓછું થતું ગયું. શેઠશ્રીની જ્ઞાતિ માટે કાંઈને કાંઈ કરી છૂટવાની અદમ્ય ઈચ્છા હતી પણ જ્ઞાતિના તે સમયના મોવડીઓ શેઠશ્રીના કદમથી કદમ તાલ મિલાવી શક્યા નહિ અને ધીમેધીમે પાછળ રહેતા ગયા. પ્રથમ સંમેલનમાં અસ્તિત્વમાં આવેલ મધ્યસ્થ મહાજન પોતાના કાર્યભારનો મધ્યાન્હ જોયા વગર જ ક્યારે અસ્તાચળે પહોંચી ગયો એની જ્ઞાતિને ખબર સુધા પડી નહિ.

વધુ અભ્યાસસાર્થે મુંબઈ તરફ વિદ્યાવાચ્છુંકોનો પ્રવાહ કચ્છ તથા દેશદેશાવરથી વધતો ચાલ્યો. તેમને સમાવવા માટે આપણી પાસે ૫૦ વર્ષ જૂની શેઠશ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન પાઠશાળા તથા ૪૦ વર્ષ જૂની શેઠશ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ સક્ષમ હતા. બોર્ડિંગમાં અન્ય ક્ષેત્રથી આવતા વિદ્યાર્થીઓ રહી શકતા, ત્યાં તેમના રહેવા, ખાવાપીવાની ઉચિત વ્યવસ્થાઓ હતી તથા પાઠશાળામાં ધોરણ ૮ થી એસ.એસ.સી. સુધી તેમને વિદ્યાભ્યાસ પ્રાપ્ત થતો હતો.

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

તે રીતે પ્રથમ સંમેલનમાં રચાયેલ શિક્ષણ પ્રસારક સમિતિ પણ હવે પાપા પગલી ભરી રહી હતી. શ્રીમાન શીવજીભાઈ કુંવરજી વિકમશીના અધ્યક્ષપદે ૧૯૫૩માં શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘની સ્થાપના થઈ.

વિદ્યાર્થીસંઘની કાર્યવાહી આગળ વધતા જ્ઞાતિ અગ્રણી અને શિક્ષણપ્રેમી શેઠશ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી આ સંસ્થાના કાર્યકર્તાઓનું ખમીર પારખી તેમની સાથે સહકાર કરવા આગળ આવ્યા અને વિદ્યાર્થી સંઘને લાલજી રામજી બુક બેન્કની ભેટ મળી. તે સમયે આ સંસ્થાને મજબૂત કરવા શ્રી ઠાકરશી મેઘજી ગોશર, શ્રી વીરચંદ લાલજી મુનવર, શ્રી પાર્શ્વીર ડાહ્યાલાલ ખોના, શ્રી પ્રવિણ દેવજી ખોના, શ્રી ધનપતિ ભદ્રીચંદ નાગડા આદિ મહાનુભાવોનો શ્રેષ્ઠ ફાળો રહ્યો હતો. આ તમામ વ્યક્તિઓ પ્રથમ સંમેલન વખતે કુમાર અવસ્થામાં હતા.

એટલે આપણે ક્યારે પણ એમ ન કહી શકીએ કે જ્ઞાતિ માટે પ્રવૃત્તિઓ ન થવી જોઈએ અને આવી જ એક પ્રવૃત્તિ સમયાંતરે ભરાતા જ્ઞાતિસંમેલનો છે.

૧૯૫૫ની સાલ સુધી આપણી જ્ઞાતિમાં ૫ થી ૭ મોટી પેઢીઓ કપાસના ધંધામાં સક્રિય હતી. કાળક્રમે કપાસનો ધંધો ઘસાતો ચાલ્યો રૂપિયાની કિંમત વિદેશી ચલણો સામે ઘટવા લાગી અને ધંધાઓમાં પરિવર્તનનો એક દોર શરૂ થયો. આ કાળમાં ધીમેધીમે દશા ઓશવાળોની પેઢીઓ પાછળ પડવા લાગી. દશા ઓશવાળોએ પોતાની ગરિમા જાળવી રાખતા પરિવર્તનના દોરને સાચવ્યો અને હિંમત ભેર આગળ વધવા કમ્મર કસી.

જ્ઞાતિજનો જ્ઞાતિના અસલ કપાસના ધંધાથી દૂર થવા લાગ્યા અને સમયની જરૂરિયાતને પારખીને ટ્રાન્સપોર્ટના ધંધામાં પગરણ માંડવા લાગ્યા. તે સમયે દક્ષિણ ભારતમાં કપાસના ધંધાથી દૂર થઈ ઈન્દ્રસ્ટ્રીઝ સ્થાપનાપરા શ્રી ભરત બી. ખીમજી હુબલી. મહાજન શ્રીના પ્રમુખ પદ પર આવ્યાં. તેઓશ્રી અરજણ ખીમજી ગ્રુપના એક નબીરા છે. તેમણે દક્ષિણના ગામે ગામના આગેવાનોને એકત્રીત કર્યા અને દક્ષિણ ભારત કે.ડી.ઓ. જૈન એકમની સ્થાપના કરી તેનો લોગો વિકસાવ્યો અને તેની કાર્યપદ્ધતિ નક્કી કરી તેમની અદમ્ય ઈચ્છા હતી કે આ એકમ દ્વારા જ્ઞાતિનું દ્વિતીય સંમેલન બોલાવવામાં આવે.

તે સમયે મહાજનશાહી પધ્ધતિ હજી જોરમાં હતી અને સંમેલન મહાજનશ્રી દ્વારા જ બોલાવવામાં આવતું. મુંબઈ મહાજનશ્રીના તત્કાલિન પ્રમુખ શ્રી પુનશી દામજી ખોનાએ દક્ષિણ ભારતના અધિકારીઓ સાથે મુલાકાતો કરી અંતે હુબલી મહાજને દ્વિતીય સંમેલનની ઘોષણા કરી જેનું સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થા દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમને સોપવામાં આવ્યું અને ઈ.સ. ૧૯૭૯ ને ઓક્ટોબર મહિના આસોમાસની નવરાત્રી દરમ્યાન સંમેલનનું આયોજન થયું.

સંમેલનના વરાયેલા પ્રમુખ ભરતભાઈ સમગ્ર ભારતભરના મહાજનોની મુલાકાત લેવા દેશાટન પર પધાર્યા. પ્રજામાં પણ ૩૨ વર્ષના વહાણા બાદ મળી રહેલા સંમેલન માટે અભૂતપૂર્વ ઉત્સાહ હતો. ગામોમાં ટકાવી રહેવાની તથા આ ગામોને ટકાવી રાખવાની મહેનત કરતા હતા. એમ કરતા કરતા સંમેલનની તારીખો નજીક આવી, મુલુંડથી તે સમયે હુબલી જવા માટે મહાલક્ષ્મી એક્સપ્રેસ એક જ ગાડી હતી. મુંબઈથી અઢીસો પ્રતિનિધિઓના કાફલા સાથે મુંબઈ મહાજનશ્રીના પ્રમુખશ્રી પુનશી દામજી ખોના સંમોલન માટે પ્રસ્થાન થયા. સર્વે પ્રતિનિધિઓ બપોરના વિજય મુહુર્તે હુબલી પહોચ્યાં. તેમને સર્વેને ખૂબજ સુંદર રીતે આવકારવામાં આવ્યાં. તેમને હુબલીની વિવિધ હોટલોમાં તેમને ઉતારા માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હુબલીના જ્ઞાતિજનો તથા ખાસ કરીને બહેનોની સ્વયંસેવિકા ટીમે એકેક પ્રતિનિધિની પાસે જઈ માનભેર સરભરા કરવામાં આવી. રાત સુધીમાં રજીસ્ટ્રેશન આદિની કાર્યવાહી પૂરી કરી બીજા દિવસની સ્વાગત યાત્રા માટે સૌ સજ્જ થયા.

બીજે દિવસે સવારના ૯.૦૦ કલાકે હુબલી મધ્યે બિરાજમાન શ્રી અજીતનાથ દાદાના દર્શન કરી શોભાયાત્રાની શરૂઆત થઈ. આ શોભાયાત્રા હુબલીના રાજમાર્ગો પર ફરી ૧૦.૩૦ વાગ્યે કબુ લઘુ નગરના મુખ્યદ્વાર પર પહોંચી.

પહેલે દિવસે પહેલા સત્રની શરૂઆત થઈ તે સાથે જ કચ્છ એકમ તથા મહારાષ્ટ્ર એકમની પણ સ્થાપના થઈ અને તેના હોદ્દેદારો નિમાયા. એક એક કરીને વારાફરતી જ્ઞાતિ વિકાસના ખરડાઓ રજૂ થતાં ગયા અને તેમાં ઉત્સાહભેર પ્રતિનિધિઓ ભાગ લેવા લાગ્યા. મુંબઈ મહાજનશ્રીના પ્રતિનિધિ મંડળની અધ્યક્ષતા શ્રી પુનશી દામજી ખોનાએ સંભાળી. પ્રતિનિધિઓ ખૂબજ શિસ્તબદ્ધ વર્તયા. રજૂ થતાં ઠરાવો પર પુખ્ત ચર્ચાઓમાં પોતાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ભાગ લેતાં રહ્યાં ઘણી વખત એવી બાબતો પણ આવી અને ચર્ચાઓ જરા ઉગ્ર પણ બની, આ સમયે પ્રમુખશ્રી પુનશીભાઈએ બીજી સુપેરે સંભાળી અને સર્વેને પોતાની છત્રછાયા હેઠળ સંપૂર્ણ માર્ગદર્શન આપ્યું જેથી આગળ ઉપર સંમેલનની કાર્યવાદી સરળ રીતે

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

ચાલી.

સામાન્ય રીતે માણસ નાની મોટી વાતમાં અત્યંત ઉશ્કેરાઈ જતો હોય છે. કપરા સંજોગોમાં પોતાનું સંતોલન ખોઈને અનિચ્છનીય કાર્ય કરી બેસતો હોય છે. તેવા સમયે શ્રી પુનશી દામજી ખોના એક મૂર્તિમંત આદર્શરૂપ બન્યા. ત્યારે મારી ઉંમર ફક્ત ૨૬ (છવ્વીસ) વર્ષની હતી. શ્રી અનંતનાથ ટ્રસ્ટ ઉપર આ ઉંમરે બીજા નંબરે ચૂંટાઈને હું ટ્રસ્ટી બન્યો હતો. જ્ઞાતિજનો પણ મને ખૂબજ લાગણી આપી હતી પણ આ મૂર્તિમંત આદર્શોએ મારી મંજીલને ખૂબ સરળ બનાવી અને આગળ ચાલતા માત્ર ૩૨ વર્ષની ઉંમરે મને મુંબઈ મહાજનશ્રીનો પ્રમુખ બનાવ્યો.

સંમેલનના ત્રીજા દિવસે શેઠશ્રી ભરત બી. ખીમજીને સર્વ સત્તા આપતો ફાઉન્ડેશનની રચનાનો ઠરાવ થયો અને જ્ઞાતિના અગ્રગણ્ય જ્ઞાતિજનોના સન્માન સાથે શ્રી ભરત બી.ખીમજીને પણ જ્ઞાતિરત્નની પદવીથી નવાજવામાં આવ્યાં.

તેમણે પોતે શું કરવા ધારે છે તેનું સુંદર વિઝન (દ્રષ્ટીકોણ) રજૂ કર્યો, અને જ્ઞાતિ પાસેથી તે કાર્યને પૂર્ણ કરવા માટે સહયોગ આપવાની ભાવના રજૂ કરી તે દશેરાનો દિવસ હતો. સર્વત્ર અનિષ્ટ પરના વિજયોની પળ હતી અને સમગ્ર જ્ઞાતિ શેઠ શ્રી ભરત બી. ખીમજીના અધ્યક્ષપણા હેઠળ એક છત્રે ઉભા રહેવા માટે તૈયાર હતી આ સંમેલનમાં કુલ ૨૪(ચોવીસ) ઠરાવો રજૂ કરવામાં આવ્યાં જે આ અગાઉ જ્ઞાતિમૈયાના અંકમાં આપવામાં આવ્યા હોવાથી તેની પુનરૂક્તી નથી કરતા.

આ સંમેલનમાં ખાન-પાનની સંપૂર્ણ જવાબદારી મે પ્રતાપ કેટરર્સના બંને બંધુઓ શ્રી મણિકાંત હીરજી ધુલ્લા તથા શ્રી પ્રતાપ હીરજી ધુલ્લા વર્તમાનમાં મે.પ્રતાપ એક્સીલન્સી તથા મે.ચેતક કેટરર્સવાળા એ નિભાવી હતી. સમગ્ર જ્ઞાતિએ આ બન્ને બંધુબેલડીની કાબેલિયતનો પરચો મેળવ્યો અને ખૂબજ ઉત્કૃષ્ઠ રીતે મહેમાનગતી માણી. દશેરાની સાંજથી સંમેલનની પૂર્ણાહુતિ બાદ લોકો પોતપોતાના ગામો પ્રત્યે રવાના થયા જ્યારે મુંબઈ મહાજનનું પ્રતિનિધિ મંડળ બીજે દિવસે મુંબઈ તરફ રવાના થયું.

મુંબઈમાં આવીને અલ્પસમયમાં જ્ઞાતિના તરવરીયા યુવાનોએ હુબલીમાં થયેલ ઠરાવ નં.૧૨ મુજબ જ્ઞાતિની બેન્ક સ્થાપવા પ્રવૃતિઓ ગતિમાન કરી તેમાંથી મુખ્ય હતા, શ્રી લક્ષ્મીચંદ શિવજી રતાણી, શ્રી વિરચંદ લાલજી મુનવર, શ્રી પ્રવીણ દેવજી ખોના, શ્રી ઠાકરશી મેઘજી ગોસર, શ્રી ધનપતિ ભદ્રીચંદ નાગડા અને હું અમે લોકો અવાર નવાર મળવા લાગ્યાં તે સમયમાં નવી શિડયુલ્ડ બેન્ક બનાવવા સરકાર તરફથી કોઈ પરમીશન મળતી ન હતી, પણ જો એક સમુહના લોકો ભેગા થઈ પોતાની બેન્ક સ્થાપવા માંગતા હોય તો તેમને કો-ઓપરેટીવ બેન્ક બનાવવા માટે મંજુરી આસાનીથી મળતી, પણ તેના માટેના કેટલાક માપદંડો જરૂરી હતા. જેમાં ઓછામાં ઓછા ૨૫૦૦ મેમ્બર અને અંદાજે સાડાચાર લાખ રૂપિયાની થાપણ એકત્રિત કરવાનું જરૂરી હતું. અમે લોકોએ એ માટે ભગીરથ પ્રયત્નો આદરવાની શરૂઆત કરી, સાથે અન્ય લોકો પણ જોડાતા ગયા અને કાર્યક્રમ આગળ વધતો ચાલ્યો.

અત્યારે એક જ્ઞાતિ પરિવારનો નામ ઉલ્લેખ કરવો અત્યંત જરૂરી સમજુ છું. કારણકે જે સમયમાં લોકો ૨૫ રૂપિયાનો એક શેર ખરીદવા ડરતા હતા. ત્યારે એકમેવ એવો પરિવાર નીકળ્યો જેણે રૂા. ૫૦૦૦/- ની મહતમ મર્યાદામાં આખા પરિવાર માટે. ૨૦૦-૨૦૦ શેર્સ ખરીદ્યા અને બેન્કને સૌથી મોટી કહેવાય એવી રકમ આપી, આજે એ વડીલશ્રી હયાત નથી. પણ તેમનું નામ આજે પણ જ્ઞાતિ ગૌરવભેર લે છે તેવા શ્રી ખીમજી કરમશી લોડાયા મોટીખાવડીવાલા વ્યવસાયે કલીયરીંગ ફોરવર્ડીંગનો બિઝનેસ મે રામજી દેવશી શાહ એન્ડ કુ. ના નામે ચલાવતા હતા. એમની અગ્રતાથી અને પ્રયત્નોથી બેન્કને એક સુંદર ચાલના મળી અને ઝડપથી એનું નિર્માણ થયું એવી શ્રી અરિહંત કો.ઓપ.બેન્ક બીજા સંમેલનના ઠરાવના અમલીકરણ રૂપ અસ્તિત્વમાં આવી. પાછળથી શ્રી ખીમજીભાઈ પણ બેન્કના ડાયરેક્ટર ચૂંટાયા.

મિત્રો,તથા સર્વે જ્ઞાતિજનો બહેનો અને માતાઓ

મારો આશય સંમેલન શા માટે નહીં તેની શરૂઆત કરવા પાછળ એક જ આશય હતો કે તે સમયે દુષ્કાળ, ખર્ચા આદિના બહાના બનાવી સંમેલનને રોકવા ઈચ્છતા તત્વોને જ્ઞાતિ સંમેલનની ઉપયોગીતા સમજાવી સંમેલન બેરોકટોક થાય તે માટે સમજાવાનો હતો, જે મહદઅંશે પુરો થયો છે. પરંતુ આ થઈ રહેલા સંમેલનની કાર્યવાહી સાથે આ લેખ પુરો કરવામાં આવશે, આ અંક આપના કર કમલોમાં આવશે ત્યારે હું કદાચ કચ્છ પહોંચી ગયો હોઈશ તથા સંમેલનની તૈયારીઓ એના આખરી ચરણમાં હશે. સંમેલનના સન્માનીય વરાયેલા પ્રમુખ વર્તમાનમાં નલિયા પહોંચી ગયા છે અને દરેક ગતિવિધિઓ

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

ઉપર પોતાની દેખરેખ રાખી રહ્યાં છે. હું પણ અત્યારે આપની પાસે બે અંક માટે રજા પ્રાર્થુ છે, કેમ કે આવતા શનિવારે આપણે સૌ સંમેલનમાં વ્યસ્ત થઈ ગયા હશું અને ત્યાર પછીના અંકમાં આપની સમક્ષ સંમેલનની ઝલકો પ્રસ્તુત કરવામાં આવશે એટલે આપણે ત્યાર પછીના અંકમાં ફરી મળીશું અત્યાર સુધીના મારા લખાણને આપે વાચ્યું, કેટલાક લોકોએ મારી સરાહના કરી તે બદલ આપ સર્વેનો ઋણી રહીશ.

(અગાઉના સાત અંકમાં છપાયેલ લેખનો સારાંશ... હવે આગળ વાંચો...)

મિત્રો, જ્ઞાતિજનો તથા ભારતભરના તમામ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રીઓના પદાધિકારીઓ તેમજ તે તે મહાજનના જ્ઞાતિજનો, આપ સર્વેનો ખૂબ ખૂબ આભાર તથા ભૂરી ભૂરી અનુમોદના કારણકે આપે જે કરી બતાવ્યું તેથી સંમેલન ખૂબજ સફળ થયું અને અમે અમારા અંક નં.૨૭ના મુખપૃષ્ઠ ઉપર દર્શાવેલા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો પોતપોતાની રીતે એની ફળશ્રુતિરૂપ આગળ વધી રહ્યા છે અને ટૂંક સમયમાં ભવ્ય રીતે લોન્ચ થશે.

જ્ઞાતિએ ફરી એકવાર સિદ્ધ કરી બતાવ્યું કે લેભાગુ તત્વોની લપેટમાં ક્યારેય આવતી નથી અને ક્યારેય આવશે નહીં. એ વાત આપ સર્વેએ સિદ્ધ કરી બતાવ્યું છે. તે બાબત મારે કાંઈ વિશેષ ટીપ્પણી કરવી નથી, કારણકે આપણે સૌ જ્ઞાતિના ભવિષ્યનો ઉજ્જવળ માર્ગ તૈયાર કરી તેના પર પ્રયાણ કરવા સજ્જ થઈ ચુક્યા છીએ.

જ્ઞાતિના દાતા પરિવારો દ્વારા સંમેલન માટે ખર્ચાયેલ નાણાં ઉગી નીકળ્યાં છે. સમાજે તેમનું વળતર વાળી આપવા ભરચક પ્રયાસો કર્યા છે. તા.૨૩ અને ૨૪ એમ બન્ને દિવસમાં મહાજનોના પધારેલ પ્રતિનિધિઓ એક પછી એક ઠરાવોને નિર્વિવાદ તથા સર્વાનુમતે મંજૂર કરીને પોતાની સહમતી દર્શાવી છે અને એ રીતે મહત્વના ૧૪ (ચૌદ) ઠરાવો ત્યાં પસાર કરવામાં આવેલ છે. નાની ન્યાત સાથેના મિલનની સર્વાનુમતે નોંધ લેવાઈ ગઈ છે અને શ્રી સમસ્ત મહાજનનું સુધારેલું બંધારણ પણ સર્વાનુમતે અસ્તિત્વમાં આવી ગયું છે. હજી વર્તમાન ટ્રસ્ટબોર્ડ તથા મહાસમિતિની ૨૦૨૧ સુધીની મુદ્દત બાકી છે એટલે આ તમામ કાર્યો વર્તમાન અધિકારીઓના હાથ નીચે સુંદર ચાલના પામશે અને દરેક પ્રકલ્પો મજબુત બનતા જશે. જ્ઞાતિજનોએ એક એક પ્રકલ્પ માટે ખૂબજ સુંદર સહાયની સરવાણી વહાવી છે, તેમાં મહિલાઓ દ્વારા ચાલનાર સ્વરોજ યોજનાને મહિલાઓએ જાતે મળી એવી રીતે છલકાવી છે કે જ્યાં ૬૦ લાખની જરૂર હતી ત્યાં ૮૦ લાખ રૂપિયાના શેર્સ ખરીદવા માટે ઓફર આવી ચુકી છે. આ રીતે જ્ઞાતિની મહિલાઓએ તેમને મળેલા પ્રથમ અલગ મંચ ઉપર પોતાની જોરદાર અને મક્કમ હાજરી નોંધાવી છે. તેમણે બતાવ્યું છે કે તેમના હાથમાં જ્ઞાતિનું ભવિષ્ય કેટલું સુરક્ષિત છે. આગળ ઉપર આ કાર્યને ચાલના આપવા જ્ઞાતિના વિદ્વાન અગ્રણીઓ તેમના પ્રોજેક્ટને તૈયાર કરવા માટે સંપૂર્ણ માર્ગદર્શન આપશે એમાં કોઈ શંકાને સ્થાન નથી અને મહિલા ટીમ જોરદાર અભિનંદનને પાત્ર છે. તેમણે નારી તું નારાયણીના વાક્યને સંપૂર્ણ સિદ્ધ કરી બતાવ્યું છે.

શ્રી કચ્છી દશા ઓશવાલ નલિયાએ પણ પોતાને મળેલા યજમાન પદને પણ સારી રીતે નિભાવી બતાવ્યું છે. સંમેલન પ્રમુખશ્રી મુલચંદભાઈ પદમશી મોતાએ પોતાના હોદ્દાની ગરીમા જાળવી નલિયા તેમના સાથીઓ સર્વશ્રી પિનાકીનભાઈ જેઠાભાઈ છેડા, મનોજ ઝવેરચંદ લોડાયા, કિરણ લખમશી મોતા, મહેન્દ્ર(મહેશ) ખીમજી નાગડા(એમ.કે.), અ.સૌ.મીના નરેન્દ્ર લોડાયા, અ.સૌ.હિના મનોજ લોડાયાને સથવારે ખભેખભા મિલાવીને પોતાની કાર્યશક્તિ દાખવી છે.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનનો આ પોતાનો પ્રથમ પ્રસંગ હતો એટલે છેલ્લા ૬ મહિનાથી તેના સર્વે ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, મહાસમિતિના સભ્યો તથા કર્મચારીઓ તો ખડેપગે મહેનત કરી રહ્યાં હતા તથા તેને સંપૂર્ણ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યાં હતા. તેમની મહેનતની જોરદાર ફળશ્રુતિ પ્રાપ્ત થઈ છે તે બદલ તેમનું વારંવાર અભિવાદન કરીએ તેટલું ઓછુ છે. તેમણે એક તરફ અસંભવ લાગતી બાબતને મૂર્તિમંત જીવંત કરી બતાવી છે. તેની સાક્ષી જ્ઞાતિએ હાજર રહી તથા સંપૂર્ણ કાર્યવાહી લાઈવ યુ ટ્યુબ ઉપર જોઈને પોતાની હામી ભરી છે તથા પોતાની મરજી નામરજીના પ્રતિભાવ પણ સારી રીતે આપ્યાં છે. આગળ ઘણું કહેવાનું છે પણ આપશ્રીઓ દ્વારા મળેલ આ આનંદની અનુભુતિમાં શબ્દો શોધવા પડે એમ છે એટલે આજે આટલું બસ

વધુ આવતા અંકે....(ક્રમશ)



સવંત ૨૦૭૫ ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। સન ૨૦૧૯

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫

ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮





## સાંયરા નગરે તીર્થે ૧૪૧મી વર્ષગાંઠનો જોઈશું રૂડો ઠાઠમાઠ...
## આપ સૌ નોંધી લેશો માર્ચ માસ, તારિખ છે છ-સાત-આઠ.....

શ્રી સાંયરા તીર્થ મંડન શ્રી આદિનાથદાદાની મહેર થઈને, ૧૪૧મી વર્ષગાંઠનો રૂડો અવસર આવી રહ્યો છે. અચલગચ્છાધિપતીશ્રીજીના આજ્ઞાવર્તિની પ.પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની શુભ નિશ્રામાં સાંયરા ગામની નિયાણી બહેનોને શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન ટ્રસ્ટના ઉપક્રમે ધ્વજારોહણનો લાભ મળ્યો છે. જેમાં નીયાણી બહેનોએ ખૂબ જ સુંદર લાભ લઈ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવેલ છે. સર્વે દાતા પરિવારોની ઉદારતાએ ચોક્કસ કાર્ય સિદ્ધ થશે. તા. ૬-૭-૮ માર્ચ, ૨૦૧૯ના ત્રિ-દિવસીય મહોત્સવમાં નીચે પ્રમાણેની નિયાણી બહેનોએ લાભ લીધેલ છે.

**શ્રી વિનીતા નગરીના લાભાર્થી:** માતુશ્રી પુરબાઈ નરશી રતનશી મોમાયાની નિયાણી બહેનો

**આમંત્રણ પત્રિકામાં લિખિતંગ દાતાશ્રી:** શેઠશ્રી અરજણ કાનજી રામજી લોડાયાની પૌત્રીઓ

**તા. ૦૬-૦૩-૨૦૧૯ ફાગણ સુદ ૧**

સવારની નવકારશીના લાભાર્થી : માતુશ્રી સરલાબેન રતીલાલ ટોકરશી લોડાયાની નીયાણી બહેનો

બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયાની નીયાણી બહેનો

સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી મણીબાઈ રતીલાલ દેવશી તથા
માતુશ્રી તારામતીબેન જેઠાલાલ દેવશી મોમાયાની સુપુત્રીઓ

**તા. ૦૭-૦૩-૨૦૧૯ ફાગણ સુદ ૨**

સવારની નવકારશીના લાભાર્થી : શેઠશ્રી હીરજી હેમરાજ મોમાયા (હુબલીવાળા)ની નીયાણી બહેનો

બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાની સુપુત્રીઓ

સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી લીલાવંતીબેન રાયચંદ નરશી ધ્રોળની સુપુત્રી

**તા. ૦૮-૦૩-૨૦૧૯ ફાગણ સુદ ૩**

સવારની નવકારશીના લાભાર્થી : માતુશ્રી ગંગાબાઈ લધાભાઈ દેવરાજ પટેલની નિયાણી બહેનો

બપોરની સાધર્મિકભક્તિના લાભાર્થી : માતુશ્રી ચંદનબેન વિશનજી દેવરાજ પટેલની નીયાણી બહેનો

સાંજની સાધર્મિકભક્તિના લાભાર્થી : શેઠશ્રી જેઠાભાઈ કેશવજી તથા
શેઠ શ્રી ગંગાજર કેશવજી મોમાયા (પટેલ)ની સુપુત્રીઓ

ત્રણે દિવસ શીતલ જલધારાના લાભાર્થી : શેઠશ્રી વાલજી ખેતશી મોમાયાની નીયાણી બહેનો

ત્રણે દિવસ સ્વાદિષ્ટ ચા ના લાભાર્થી : માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળની નીયાણી બહેનો

ત્રણે દિવસ રસીલા શરબતના લાભાર્થી : માતુશ્રી ઉમાબાઈ વાલજી નરશી ધ્રોળની નીયાણી બહેનો

ઉપરોક્ત દરેક પરિવારની અંતરથી અનુમોદના તેમજ અભિનંદન. માતૃભુમિને યાદ કરતી, દાદાના દરબારે ગુણો ગાતી દિકરીઓનું એક મેળાવડો અનોખો હશે. જો તમે હજુ પણ નામ ન નોંધાવ્યા હોય તો, જરૂરથી આજે જ નામ નોંધાવશો. સાંયરામાં ઉતરવાની વ્યવસ્થા જેમને પણ કરાવવાની હોય તેમણે નીચેના નંબર ઉપર સંપર્ક કરવો.

વાલજી હીરજી ખોના : ૯૯૦૪૯ ૭૨૪૦૩ / ૯૮૨૦૪ ૩૮૭૮૪
રતીલાલ દામજી ધ્રોળ: ૯૭૨૪૯ ૮૨૨૩૨ / ૯૮૨૦૮ ૬૫૮૦૬

આ માત્ર ઝાંખી છે, ધ્વજા મહોત્સવ માણવાનો હજુ બાકી છે. ગામવાસીઓ તથા નિયાણી બહેનોને ખાસ નિવેદન તમારી ટીકીટો બુક કરાવી અમને તરત જાણ કરશોજી.

**સંપર્ક સેતુ:** નિર્મળાબેન વિરચંદ લોડાયા - ૯૮૨૪૨૯૮૨૭૫ ● જયાબેન સુરેશ લોડાયા - ૯૩૨૦૫૫૦૩૩૩
મીતાબેન ભરત મોમાયા - ૯૩૨૩૭૬૭૩૯૮

**લી. શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ ● શ્રી સાંયરા ગામની નિયાણી બહેનો**

UPASANA-9820167767

# ઉદય ગુણવરોનો વિહારયાત્રાનો અપડેટ કાર્યક્રમ

સૂરિભગવંતોની કૃપાએ અધ્યાત્મક યોગી ગુરૂદેવ ઉદય રત્નજી મ.સા. યુવામુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા. આદિઠાણા રના વિહાર યાત્રામાં નીચે મુજબ ફેરફાર થયેલ છે. જે મુજબ તા. ૧૩ જાન્યુઆરી રવિવાર શ્રી અનંત નાથજી જિનાલય મસ્જિદ બંદર, તા. ૧૪ જાન્યુઆરી સોમવારના શ્રી સુવિધિનાથ જિનાલય લાલબાગ, તા. ૧૫ જાન્યુઆરી મંગળવાર વીર સ્વામી જિનાલય વિકાસ એપાર્ટમેન્ટ પરેલ છે. શાસન પ્રભાવનાના વિશેષ્ટ લાભાલાભને કારણે ને જોઈને ગુરૂગુણના શિષ્યવંત, ગુરૂ ગુણોદયના આજ્ઞાવંત, ગુરૂ સર્વોદયના કૃપાવંત સદ્‌ગુરૂભક્તોને દર્શન-વંદન વાણીનો લાભ લેવા નમ્ર વિનંતી.

# શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માઁ ની ૧૦મી પહેડીનું આયોજન

શ્રી ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીને મોટી વરંડી સ્થાનકે નમતા સર્વે ભાવિકોને માટે મુંબઈ ખાતે ૧૦મી પહેડી રવિવાર તા.૧૦-૨-૨૦૧૯ મહાસુદ-૬ રોજે કુકરેજા કોમ્પલેક્સ, મિની હૉલ, અનંતસિદ્ધિ દેરાસરની સામે, એલબીએસ માર્ગ, ભાંડુપ(વેસ્ટ) મધ્યે સવારના ૯ થી બપોરે ૧ સુધી રાખેલ છે.

પહેડીના સૌજન્ય દાતા - લાભાર્થી

માતુશ્રી નેણબાઈ હિરજી લોડાયા પરિવાર, ગામ - મંજલ રેલડીયા હાલ - ડોંબિવલી છે.

પહેડીના કાર્યક્રમમાં (૧) સ્થાપના (૨) પહેડી ભાવના પ્રસાદ (૩) સભા : અહેવાલ સંવત ૨૦૭૬ માગશર સુદ-૫ની ધ્વજા ચડાવવાનો આદેશ.

તા.ક. સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.

વધુ વિગત માટે સંપર્ક: મણિલાલ શાહ - ૯૩૨૨૨૭૬૨૯૬, રમેશ લોડાયા - ૯૮૯૨૦૦૩૯૪૦, અનિષ શાહ - ૦૯૮૩૩૫૧૧૬૮૫.


Chandresh Somchand Lodaya

(+91) 98671 70789 • 98671 70794



MA OM PARIVAHAN PVT. LTD.

WORK IS WORSHIP

Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394

Email : somchand@maom.net

Web : www.maomparivahan.com

WAREHOUSE

Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane

M. : 9867170790 / 781


## ઉપધાન તપસ્વીઓની મોક્ષમાળા કાર્યક્રમ શાહપુર મુકામે



રોનક નરેન્દ્ર લાપસિયા



યશ દેવેન્દ્ર લાપસિયા

આચાર્ય ભગવંતશ્રી અભય શેખર સુરિશ્વરજી મહારાજની અસીમ કૃપા અને પ.પૂ. મુનિરાજશ્રી જયભાનુ શેખર વિજયજી મ.સા. અને પ.પૂ.મુનિરાજ શ્રી હિરશેખર વિજયજી મ.સા.ના દિવ્ય આશિષથી ગામ દલતુંગીના ચિ.યશ દેવેન્દ્રભાઈ લાપસિયા (ડોંબિવલી) તથા ચિ.રોનક નરેન્દ્રભાઈ લાપસિયા (ગોરેગાંવ) ઉપધાન તપ કરેલ છે તેની મોક્ષમાળા તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ સોમવારે સવારના ૯ કલાકે શાહપુર તીર્થ મુકામે રાખેલ છે. જેમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

# રાજકોટ નગરે મહારાજ સાહેબની પધરામણી





સાહિત્ય દિવાકર આચાર્ય દેવેશશ્રી કલાપ્રભ સાગરસુરિશ્વરજી મહારાજ સાહેબ આદિઠાણા રાજકોટ નગરે કાલવાડ રોડ સ્થિત લિમ્બુવાડી, ગુંજન એપાર્ટમેન્ટ ખાતે પધારેલ. આ પ્રસંગે સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા.









# શિતલનાથ જિનાલય દાદર સંઘને ગુરૂવાણીનો લાભ મળ્યો

જ્યોતિષાચાર્ય ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા.ના કૃપાવંત અધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા પ્રવચનકાર પ.પૂ.ગુરૂદેવ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણા-૨ તા.૧૨ જાન્યુઆરી શનિવારના શ્રી શિતલનાથ જિનાલય હિંદમાતા દાદર (પૂર્વ) સંઘમાં વિહાર કરતા પધાર્યા. સકલ સંઘએ દર્શન વંદન અને વાણીનો અપૂર્વ લાભ લઈ ધન્યતા પામ્યા હતા.

# અધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવશ્રીના રવિવારના માંગલિક સાથે પ્રવચનનો લાભ મળશે

જ્યોતિષાચાર્ય ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા.ના કૃપાવંત અધ્યાત્મયોગી પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમં યુવા પ્રવચનકાર પ.પૂ.ગુરૂદેવ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ ઠાણા-૨ તા.૧૩ જાન્યુઆરી રવિવારના સવારના ૬.૧૫ કલાકે ઘોલપ દેવ અચલગચ્છ સંઘમાં માંગલિક તથા પ્રાસંગિક પ્રવચન, સવારે ૭ કલાકે મજગાંવ અચલગચ્છ સંઘમાં માંગલિક એવમ પ્રાસંગિક પ્રવચન, સવારે ૭.૩૦ વાગે શ્રી ચીચબંદર અચલગચ્છ સંઘમાં માંગલિક સાથે પ્રાસંગિક પ્રવચન, સવારે ૮ કલાકે અનંતનાથ જિનાલય મસ્જિદબંદરમાં પધારશે.અષ્ટમી અને પાવનકારી રવિવારનો સમન્વય સંયોગમાં દૈવી શક્તિ આરાધના જે વિશિષ્ટ લાભ સૂચક છે. ગચ્છ શાસન ઉન્નતિ, ગિરનાર તથા શેત્રુંજય તીર્થરાજની નવાણુ યાત્રા નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય. સર્વે શ્રમણ-શ્રમણી ભગવંતોના દ્રવ્યભાવ શાતાકારી ભાવે રહે એવી ઉત્કૃષ્ટ ભાવના ઈચ્છી અચલગચ્છ અધિષ્ઠાયકા શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના સવારના ૯ થી ૧૧ સુધી રહેશે. જેના લાભાર્થી સંઘમાતા ગુણવંતીબેન રમીલાબેન લાલજી પ્રેમજી ગડા દેવપુર (વિમલદેવ પરિવાર) છે. આ મંગલકારી અવસરે બહુ સંખ્યામાં પધારી માઁ ભક્તિ કરવા નિમંત્રણ છે.

પૂ.ગુરૂદેવશ્રી મસ્જિદબંદરથી સાંજે વિહાર કરી ખેતવાડી, કમાઠીપુડા સંઘમાં પધારશે. જય ગુરૂદેવ ઉદયો ભવતું સર્વેષામ.




**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Personal Information**
Name:-Urmi Kishor Lodaya
Birth Date:-17thdec1994
Birth Time:-5.00AM
Birth Place:-Amalner (Maharastra)
Native Place:-Jukhau
Mangal :- No
Shani :- No
Religion :- Jain (Kdo)
Height :-5’2”
Weight :-55kg.
Hobbies :-Music ,Mehandi

**Education Detailes**
Geaduation :-M.Com (Pratap College Amalner

**Family Background**
Grand Father :- Late Umarshi Chapshi Lodaya
Grand Mother :- Late Manibai Umarshi Lodaya
Father :-Kishor Umarshi Lodaya
Mother :- Minal Kishor Lodaya
Sisters :- Pooja Kishor Lodaya
Dhruti Kishor Lodaya
Nana :- Tejpal Dharshi Nagda
Nani :-Late Jayabai Tejpal Nagda
Address :- Bhandarcar Compound Station Road Amalner , Dist.Jalgaon (Mh)425401
Contact No :-9823778894, 9923322688
KDO VP No :- JKLO0600203

**Preferred Spouse**
Education :- Graduate

Gyatimaiya KDO Mahajan Code No. G-17



**Name -** Tejas Harish Lodaya

**Date of Birth -** 16 April 1987

**Zodiac Sing -** Libra Mangal / Shani No

**Height -** 5' 8"

**Weight -** 85 Kg.

**Blood Group -** B +ve

**Education -** H.S.C.

**Business -** Mamta Provision Store

**Father's Name -** Harish Laxmichand Lodaya

**Mother's Name -** Shobhana Harish Lodaya

**Grand Father's Name (Dada) :** Laxmichand Umarshi Lodaya

**Grand Father's Name (Nana) :** Velji Visanji Dharmshi (Suthari)

**Native Place -** Varapadhar

**Sister -** Dimple Chintan Mota (Lala) Shevgaon

**Address -** Pawan Complex, Flat No.5, Near J.D.C.C. Bank,Station Road, CHALISGAON 424101 Dist. Jalgaon

**Phone No. -** 02589 (R) 222974, (0) 224364

**Mobile No. -** 9371262651, 8788386102

Gyatimaiya KDO Mahajan Code No. B-14

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# કચ્છી ભવનના આંગણે પ.પૂ.સાધ્વીશ્રીની પધરામણી

ગિરનાર ૯૯ યાત્રાના પ્રયાણમાં મુંબઈમાં વિવિધ સંઘોમાં ચાતુર્માસ પરિપૂર્ણ કરી પ.પૂ.સાધ્વીજી અમીતાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૯ ગિરનાર મહાતીર્થમાં નેમનાથ દાદાની ભૂમિમાં કચ્છીભવનના આંગણે તા.૧૧ જાન્યુઆરી શુક્રવાર રોજે શાતાપૂર્વક પધારેલ.

તેમનો વિહાર ખૂબજ શાંતિમય અને શાતાપૂર્વક રહેલ છે.

# ડુમરા નગરે જિનાલયની શુધ્ધિકરણ શ્રાવકો દ્વારા કરાયું

દરેક સંઘ મહાજનના જિનાલયોમાં વર્ષમાં ઓછામાં ઓછું એકવાર શુધ્ધિકરણ કરવું જરૂરી છે અને તેમાં જે તે સંઘ કે મહાજનના કમિટીના સભ્યો જોડાય તો તેમને તે જિનાલયનો દરેક ખૂણો, દરેક પ્રતિમાઓ પ્રત્યક્ષ જોઈ શકે અને ક્યાંય કોઈ ડેમેજ કે ક્ષતિ હોય તો તેનું નિરાકરણ કરી શકે. આ ભાવ સાથે ડુમરા નગરે જિનાલયનું શુધ્ધિકરણ તા.૧૧ જાન્યુઆરી શુક્રવાર રોજે સંઘના શ્રાવકો દ્વારા કરાયું અને આ પ્રવૃત્તિ કરી તેઓ ધન્યતા અનુભવી હતી.

| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા







# શ્રી ગુણ ગુણોદય સિદ્ધાચલ યુવા ૯૯ યાત્રાનો કાર્યક્રમ

રાષ્ટ્રસંત, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપા, તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણા આજ્ઞા આશિષ સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા., આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા., આદિ પૂજ્યશ્રીઓના શુભાશિષ, મેવાડ દિવાકર પૂ.મુનિરાજશ્રી સર્વોદયસાગરજી મ.સા., તપસ્વી પ.પૂ.મુનિરાજ ચારિત્રરત્ન ાસાગરજી મ.સા. (બાપા મહારાજ)ના દિવ્ય આશિષ અને અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી, આધ્યાત્મયોગી પૂ.મુનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., યુવા પ્રવચનકાર પૂ.મુનિરાજશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિ શ્રમણા-શ્રમણીની નિશ્રામાં ૧૫ થી ૨૫ વર્ષના ઉત્સાહી યુવાનો - માત્ર છોકરાઓ માટે યુવા ૯૯ યાત્રા તા.૧૩ એપ્રિલ ૨૦૧૯થી પ્રારંભ થઈ. તા.૩૧ મે, ૨૦૧૯ના પૂર્ણાહુતિ પામશે. યાત્રાનું પ્રયાણ તા.૧૧ એપ્રિલ મુંબઈથી થશે. જેને માટે રીફન્ડેબલ ડિપોઝીટ રૂા.૫૦૦ લેવાશે. જે ૯૯ યાત્રા પૂર્ણ કરનારને અંતે રીફંડ આપશે. યાત્રા રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાનું પૂર્ણ થઈ ગયેલ છે.

વિશેષ માહિતી માટે રામજી શામજી ધરોડ મો.નં.૯૩૨૩૧૯૧૦૫૦ અથવા ૮૮૫૦૨૯૧૯૬૨નો સંપર્ક સાધવો.

# પ.પૂ.સા.કિર્તનગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.આ.શ્રી તત્વાર્થગુણાશ્રીજી મ.સા. ગિરનાર મહાતીર્થ આંગણે પધાર્યા

પ.પૂ.સા.કિર્તનગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તત્વાર્થગુણાશ્રીજી મ.સા. કચ્છથી વિહાર કરી શાતાપૂર્વક ગિરનાર મહાતીર્થના આંગણે તા.૧૧ જાન્યુઆરી શુક્રવાર રોજે પહોંચી ગયા છે. ગિરનારનું કચ્છી ભવનનું સંકુલ ૯૯ યાત્રા માટે સુસજ્જ થઈ બધાને આવકારવા તત્પર બની ગયેલ છે.







● અબડાસાના રાતા તળાવ પાંજરાપોળ ખાતે બીજા તબક્કામાં ૩૨૦૦ રખડતા ગૌદર્શન આશરો અપાશે. આ અગાઉડુમરા વિકાસ સમિતિ અને ભાવેશ લક્કી સેવા સ્મૃતિ ટ્રસ્ટના સહયોગથી ૨૯૦૦ રખડતા ગૌવંશને આશરો અપાયો છે. હાલે રાતા તળાવ ખાતે પાંચ હજાર ગૌવંશને સાચવવામાં આવે છે. તાલુકાના બાકી રહી જતા ૩૦ હજારથી ગૌવંશને બચાવવા નીરણ કેન્દ્રો શરૂ કરવાની તૈયારી વિવિધ સંસ્થાઓએ દર્શાવી છે.

● વાગડ સાતચોવીસ અમૃત જ્યોત પાઠશાળા અને વ્રજસ્વામી પાઠશાળા દ્વારા ત્રિદિવસીય શ્રૃત મહોત્સવ ભુજ ખાતે યોજાયો. આ કાર્યક્રમ આયોજનનો ઉદ્દેશ બાળકો એને મોટી વયની વ્યક્તિઓમાં રહેલી શક્તિઓ બહાર આવે બૌદ્ધિક અને શારીરિક વિચારોનો વિકાસ થાય. આ મહોત્સવમાં નાના બાળકોથી લઈ મોટી ઉંમરના વૃદ્ધોએ પણ ભાગ લીધો હતો.

● મુંદરાની લખમશી નપુ ડિપ્લોમા ઈન એલિમેન્ટરી એજ્યુકેશન કોલેજની છાત્રાઓએ ઘરોઘર ફરીને ગૌસેવાના લાભાર્થે રૂા.૧ લાખ ૧૨ હજારનું ફંડ એકઠું કરી તાલુકાની દસ પાંજરાપોળ વચ્ચે વહેંચ્યું હતું.

● કચ્છની મોટી પાંજરાપોળ પૈકીની એક માંડવી પાંજરાપોળ ગૌશાળાના બે હજાર જેટલા આબોલ જીવોને ખરવા-મોવા જેવા ચેપીરોગના રક્ષણ માટે સરકારના અગમ ચેતી અભિયાન અંતર્ગત મફત રસીકરણ કરાયું.

● આ વરસે મેઘરાજાની અમી નજર કચ્છમાં નહીંવત જેવી રહી છે. વાગડ પંથકના ખેડૂતોને ઘાસચારા અને રવીપાક નિષ્ફળ ન જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા કચ્છની નર્મદા કેનાલમાં પાણી છોડાતા ખેડૂતો કેનાલ વાટે દૂર દૂર સુધી પાણી લઈ જઈ જીરૂનું વાવેતર કરવામાં રાત દિવસ જોતરાયા છે. લગભગ ૩૦ હજાર હેક્ટરમાં જીરૂનું વાવેતર થયું છે.

● ભારતીય છાત્ર સંસદ દ્વારા ગાંધીધામના ધાકાસભ્ય માલતીબેન મહેશ્વરીની પસંદગી આદર્શયુવા વિધાયક પુરસ્કાર ૨૦૧૫ માટે પસંદગી કરવામાં આવી છે. દેશના તમામ રાજ્યોની વિધાન સભામાંથી ૧૨ ધારાસભ્યોને પુરસ્કાર અપાશે. ભાજપના પાંચ, કોંગ્રેસના ચાર, સી.પી.આઈ.એમ. ટીડીપી અને આમ આદમી પાર્ટીના એક ધારા સભ્યની પસંદગી થઈ છે.

● સુરત મહાન ગરપાલિકાની હૉસ્પિટલ સમિતિના ચેરમેન તરીકે મૂળ કચ્છ ટોડિયા તાલુકા નખત્રાણાના મૂળજી માધવજી ઠક્કર બારૂની  વરણ કરાઈ છે. હાલે તેઓ સાત્તાધારી પક્ષના દંડક તરીકે મહાનગર પાલિકામાં સેવા આપે છે. સામાજિક અને પ્રવૃતિઓમાં દાયકાઓથી સક્રિય એવા પીઠ નગર સેવકએ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને દત્તક લીધા છે. દર વર્ષે પાંચથી છ હજાર વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુકોનું વિતરણ પણ કરે છે.

● ભૂજ ક.વી.ઓ જૈન મહાજન દ્વારા મહાજનનું મામેરૂ અંતર્ગત ૨૨૫મી કન્યા મામેરૂ કરાયું જેમાં દંપતિને બોન્ડ અને ભેટ સોગાદ અપાઈ.

## જીવન ઘટમાળ

**• સમૂહ લગ્ન •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૨-૨૦૧૮ | ભુજોડી | ફેનીલ મહેન્દ્ર પદમશી લોડાયા | કોઠારા | ૨૬ |
| | કોઠારા | રિદ્ધિ શા. દિનેશ નવીનચંદ્ર મોતા | રાપરગઢવારી | ૨૫ |

**• મરણ નોંધ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૦૧-૨૦૧૯ | મુલુંડ(પ.) | મહેન્દ્ર નરશી મૈશેરી | સીંધોડી નાની | ૫૮ |
| ૦૯-૦૧-૨૦૧૯ | વેરાવલ | ગુલાબચંદ જવેરચંદ છેડા | સુજપુર | ૬૬ |
| ૦૯-૦૧-૨૦૧૯ | ડોંબિવલી (પૂ.) | મેઘજી પાસુભાઈ ગોસર | વારાપધર | ૭૫ |
| ૧૦-૦૧-૨૦૧૯ | ઘાટકોપર (પૂ.) | મહેન્દ્ર શિવરાજ નાગડા | નલીયા | ૭૫ |
| ૧૦-૦૧-૨૦૧૯ | મુલુંડ(પ.) | મનોજ કુંવરજી દંડ | ભરૂડીયા | ૫૬ |
| ૧૨-૦૧-૨૦૧૯ | ધુલીયા | ધનબાઈ રાયચંદ મૈશેરી | બાંઢીયા | ૮૮ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

**જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ**

**www.kdosamastamahajan.org**




**આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

આયોજિત

## ૬૫મું વાર્ષીક ઉત્સવ - કચ્છી મેળો

*હલ રે વણજારા તોકે કચ્છડો વતાંઇયા...*

| સ્થળ | સમય | તારીખ |
|---|---|---|
| અનંતનાથ કોમ્પલેક્ષ ગ્રાઉન્ડ, કાંજુરમાર્ગ (ઇસ્ટ) | સવારે ૧૦.૦૦ કલાકે થી રાત્રે ૧૦.૦૦ કલાકે સુધી | રવિવાર 3 ફેબ્રુઆરી, ૨૦૧૯ |



**Inviting Trader from all over India**

**Rs. 1500/-* Single Stall**

**Rs. 3000/-* Food Stall**

**For Stall Booking Contact :**

ઉર્વેશ છેડા : 8369022472

એકતા લોડાયા : 9769502277

છેલ્લી તારીખ ગુરૂવાર, ૧૫ જાન્યુઆરી, ૨૦૧૯
વહેલા તે પહેલાના ધોરણે

## સોવિનિયર વિમોચન

**A4 Size Souvenir**

**E - Souvenir**



To Book Your

**ADVERTISEMENT**

Kindly Contact :

ઇશિતા છેડા : 8652047715

મીત મૈશેરી : 9967380347



## શૈક્ષણિક પુરસ્કાર વિતરણ

જ્ઞાતિના વિદ્યાર્થીઓએ જેને પણ
**March 2018** ની **SSC / HSC / Graduation / Post Graduation / Extra Curricular Activities** માં
સારા અંકે ઉત્તીર્ણ થયા હોય તે પોતાની **Marksheet**
નીચે આપેલ **Email / Contact Number**
પર મોકલવા વિનંતી.

**Email : prinsdharamshi@gmail.com**

પ્રીન્સ ધરમશી : 8779533019

ઉર્વી લોડાયા : 9757422880

દરેક Standard wise Top 2 જણા ને જ
સન્માન કરવામાં આવશે

**Last Date : Thursday, 15.01.2019 (first cum first basis)**

ઉપરના Advertise માં શ્રી સંઘને ફેરફાર કરવાનો પુર્ણ અધિકાર રહેશે.

| President | Vice President | Secretary | Treasurer |
|---|---|---|---|
| Shri. Hemil Jayesh Dand<br>Ghatkopar (Varadia) | Shri. Urmin Jayesh Lodaya (Shah)<br>Ghatkopar (Suthri) | Ku. Ekta Udayan Lodaya<br>Mulund (Moti Sindhodi) | Shri. Rushabh Gulab Poladia<br>Bhandup (Dumra) |

Follow Us on Social Media | / shreekdovs

# NOW SAVE UPTO 99%# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO